# પ્રકરણ – ૩

# ગુજરાતી ગઝલની ગતિવિધિ

૧. પ્રસ્તાવના

૨. ગુજરાતી ગઝલનો પ્રથમ તબક્કો

૩. ગુજરાતી ગઝલનો બીજો તબક્કો

૪. ગુજરાતી ગઝલનો ત્રીજો તબક્કો

૫. ગુજરાતી આધુનિક ગઝલ

૬. અનુઆધુનિક ગઝલ

## ૧. પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યના છેલ્લા સૈકામાં અનેક ગદ્ય અને પદ્ય સ્વરૂપોનું આગમન થયું. ધીમે ધીમે આ ઉભયે બહુવિધ સ્વરૂપોનું વર્ચસ્વ જમાવ્યું. જેમાં પદ્યમાં સોનેટ, હાઈકુ અને ગઝલ સવિશેષ રચાયા. તે સર્વમાં આજે ગઝલ સાહિત્ય સ્વરૂપ તરીકે પોતાનું આગવું અને માતબર સ્થાન ધરાવે છે. તેનું કામણ આજે દરેક નવોદિત સર્જકને છે. ગઝલ મૂળ અરબસ્તાનની જમીનમાં જન્મેલો અને ઉછરેલો છોડ અને ભારતમાં મુસ્લિમ પ્રજાનું આગમન થતાં તેમનું ગુજરાતી ભાષામાં બીજારોપણ થયું.

ઓગણીસમી સદીના અંત–ભાગમાં મધ્યકાલીન કવિશ્રી દયારામની કૃતિઓમાં 'ગઝલ' નામે અમુક કૃતિઓ જોવા મળે છે. જૈન કવિઓની સ્થળ વર્ણનવાળી અનેક રચનાઓ ગઝલગંધી જોવા મળી છે. આમ, મુસ્લિમ સાહિત્યનો સંપર્ક થતાં ગઝલ સ્વરૂપનાં અમુક લક્ષણો મધ્યકાળની કૃતિઓમાં પ્રવેશ્યાં.

*"પદમ પ્રભુ પ્રાણ સે પ્યારા, છોડાવો કર્મ કી ધારા,*
*કરમ ફંદ તોડવા ધોરી, પ્રભુજી સે અરજ મોરી."*

◈◈◈

*"લઘુવય એકેક થેજિયા, મક્તિસે વાસુ તુમ કિયા,*
*ન જાણી પીએ મોરી, પ્રભુ ખેંચ લે દોરી."*

◈◈◈

*"વિસય સુખ માનિ મો મનમે, ગયે સબ કાલ ગફલતમે*
*નરક દુખ વેદના ભારી, નિકલવા ન રહી બારી."*

◈◈◈

*(વડવા ન એક જેને કવિ વીરવિજયજિઈની એકેક રચના)*
*"રસિક નેન કે બાતકી, અજબ અનોખી રીત,*

*દુશ્મન કી પરસે નહીં, વે મારે અપનો ચીત–વિહારી.”*

◈◈◈

*“અંગ અંગ પતિ માધરી, નખશીખ ચબિ અતોલ,*

*દયા પ્રીતમ કી બાત પર, બીક ગય બિત મોલ તીહારી.”*[૨]

આખરે ગઝલનું સ્વરૂપ સવિશેષ અને સુન્દર રીતે અંકુરીત થયું. શ્રી બાલાશંકર કંથારિયાની ગઝલમાં તેમને ‘ગુજરાતી ગઝલના પિતા’ કહેવામાં આવે છે. ઈ.સ.૧૮૮૭ જાન્યુઆરીમાં પ્રગટ થયેલ ‘ભારતીભૂષણ’ના પ્રથમ અંકમાં પ્રસિદ્ધ થયેલી ‘હરી પ્રેમ પંચદશી’ની ગઝલમાલામાં ગુજરાતી ગઝલની એક યાદગાર સફર શરૂ થઈ. બાલાશંકરની ગઝલો ઉર્દૂ ફારસી ગઝલોથી પોષિત થઈ અને ગુજરાતીમાં સુંદર રીતે અવતરીત થઈ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી બાલાશંકર વિશે કહે છે તે નોંધવા જેવું છે. “સ્વ. બાલાશંકર કંથારિયાએ મૂળ ફારસી સાહિત્યનો અભ્યાસ કર્યો હતો. જાતે કવિ એટલે ફારસી ભાષામાં ‘ગઝલ’ શેને કહેતા ‘ગઝલનું વસ્તુ શું?. તે પોતે બરાબર સમજી ગયા હતા.”[૩] ઈશ્વરપ્રેમ અને સૂફીવાદની અસર તળે તેમણે પોતાના ભાવો પ્રગટ કર્યા.

*“જિગરનો યાર જુદો તો, બધો સંસાર જુદો છે*

*બધા સંસારથી એ યાર, બેદરકાર જુદો છે.”*

◈◈◈

*“શીખે જો પ્રેમ પૂરો તો જ અચળ અભેદ પામે તું,*

*નથી ત્યાં પ્રેમ જ્યાં છે ભેદ, એ બરાબર જુદો છે.”*[૪]

આધ્યાત્મિકતાથી ઓળઘોળ તેમની ગઝલ ઈશ્કે મિજાજીનું દર્શન કરાવે છે. તેમણે જ્ઞાન, ભક્તિ અને શૃંગારને પ્રગટ કર્યા. આમ, બાલાશંકરનું ગુજરાતી ગઝલમાં એક આગવું સ્થાન ધરાવે છે.

## ૨. ગુજરાતી ગઝલનો પ્રથમ તબક્કો :

ઈ.સ.૧૮૭૫થી ૧૯૨૦–૨૫ સુધીનો પ્રથમ તબક્કો માનવામાં આવે છે. ગુજરાતી ગઝલમાં ઉર્દૂ–ફારસી શબ્દો અને ગુજરાતી ભાષા બન્ને અડોઅડ ઊભી રહી. જેમાં મુસ્લિમ સાહિત્યની અસર પણ જોવા મળી એ જ સમયમાં પ્રેમનો મહિમા કરનાર કવિશ્રી મણિલાલ દ્વિવેદીનું સાહિત્ય સામે આવે છે. જેમની 'અમર આશા' એ ગઝલ આજે પણ અમર ગઝલ તરીકે સૌના હોઠ પર છે.

*"કઈ લાખો નિરાશામાં અમર આશા છૂપાઈ છે,*
*ખફા ખંજર સનમનામાં રહમ ઊંડી લખાઈ છે."*

◈◈◈

*દિલ શું દિલ લાગ્યા પછી ખેંચે શું તું ખિજાઈને,*
*નયન ખેંચે કયાં હવે, મીઠી ખુમારી પાઈને ?"*[૫]

શ્રી મણિશંકર રતનજી ભટ્ટ 'કાન્ત' (ઈ.સ.૧૮૬૭–૧૯૨૩) તેમણે 'ચંદાને સંબોધન' અને 'આત્મજ્ઞાન' જેવી કૃતિઓ અલ્પસંખ્યક પણ સુંદર ગઝલોનું સર્જન જોવા મળે છે. તેમણે ચંદાને સંબોધીને રજૂ કરેલા પોતાના કોમળ ભાવો અહીં માણવા લાયક છે.

*"તને હું જોઉં છું ચંદા, કહે તે એ જૂએ છે કે ?*
*અને આ આંખની માફક કહે તેની રૂએ છે કે?"*[૬]

### ◈ ગુજરાતી ગઝલનો પ્રારંભકાળ :

ગુજરાતી ગઝલનાં પ્રારંભકાળમાં જ આવા બલિષ્ઠ અને વિદ્વાન કવિ સર્જકોએ ગઝલને ખૂબ જ ગંભીરતાથી લઈ અને તેના છંદ, રદીફ, કાફિયા અને ભાવોને પોતાની ઊંડી અને મર્મભેદી વાણીથી પ્રસ્તુત કર્યા.

**✱ સુરસિંહ તખ્તસિંહ ગોહિલ 'કલાપી' (ઈ.સ.૧૮૭૪–૧૯૦૦) :**

કવિશ્રી કલાપીના મરણોત્તર સંગ્રહ 'કેકારવ' ઈ.સ.૧૯૦૩માં પ્રગટ થયો. તેમની ગઝલમાં મસ્તીનું દર્શન, ખુમારી, લાગણીની પ્રબળતા, સૂફી હ્દયની પ્રવાહિતા, નિખાલસ દિલનું બયાન, પ્રેમીની તડપ અને આગવો અંદાજે બયાં તેમની ગઝલને ઉત્કૃષ્ટ બનાવે છે. તેમની ગઝલમાં રદીફ અને કાફિયાની અમલવારીનું ચુસ્તપણું તેમણે જાળવ્યું નથી. 'આપની યાદી', 'સનમની શોધ', 'હમારી પિછાન', 'હમારી રાહ' વગેરે તેમની યાદગાર ગઝલો છે. 'આપની યાદી' એ તેમની પ્રસિદ્ધ ગઝલ છે.

*"જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની,*
*આસું મહી એ આંખથી યાદી પુગે છે આપની."*

◈◈◈

*"જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,*
*તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની."*[૭]

◈◈◈

*"જહી ઝખમો તહી બોઆ, તણો મરહમ હમે દતેતા*
*બધાનાં ઈશ્કના દર્દો બધાએ વહોરનારાઓ."*

◈◈◈

*"અમે જાહેર ખબરો સૌ જીગરની છે લખી નાખી,*
*ન વાંચે કોઈ યા વાંચે ન પરવા રાખનારાઓ."*[૮]

પ્રણયનો ઓપ ચડાવી એક ઈશ્વરનું મનોમંથન કરતા આ ગઝલની નાજુકાઈથી આ ગઝલો તેમની પ્રથિતયશ ગઝલો બની ચૂકી છે.

**✱ જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી 'સાગર' (ઈ.સ.૧૮૮૩–૧૯૩૬) :**

કલાપીની જેમ જ પ્રણયની ઉત્કૃષ્ટ, ઉન્માદ અને મસ્તી તેમની ગઝલમાં જોવા મળે છે. તેમની ગઝલો 'દિવાને સાગર', 'દફતર–૧' અને 'દફતર–૨'માં સંગ્રહાયેલી છે.

***“અગર લખુ લોહી ઉલ્ફત નિગાહ કર લાલ રંગત પર***
***રજૂ કર હાલ ખિદમતમાં મહર કર ખસ્ત કિસ્મત પર.”***

સાગરની ગઝલોમાં પ્રણયની મીઠી મસ્તી અને નીજાનંદી ખ્યાલ બરાબર ઉપસ્યો છે. તેમણે કરેલ ઈ.સ.૧૯૧૩માં ‘ગુજરાતી ગઝલિસ્તાન’ નામે ગુજરાતી ગઝલનું સંપાદન પણ ગઝલક્ષેત્રમાં એક નોંધપાત્ર કાર્ય છે.

**✱ અમૃત કેશવ નાયક (ઈ.સ.૧૮૭૬–૧૯૦૭) :**

કવિ, નાટ્યકાર એમ સમાનરૂપે જાણીતા કવિ બાલાશંકરના સમકાલીન હતા. તેઓએ છંદ વૈવિધ્ય, ભાષા, કલ્પના, સંકેત અને ભાવનું નાવિન્ય સુંદર રીતે નિભાવ્યું છે.

***“કદી તલવારની ધમકી, કદી કરમાંહી ખંજર છે,***
***ગઝલમાં જીવ આશકનો ડગમગે દિલમહી ડર છે.”***[૯]

ચાટુકી ભરી રીતથી સરળ અર્થ નિષ્પતી અને પ્રવાહિતા તેમની ગઝલનું આછેરું લક્ષણ છે.

આ ઉપરાંત મણિલાલ પંડ્યા, કવિ અરદેશર ખબરદારે પણ ગઝલક્ષેત્રમાં ઉલ્લેખનીય કામગીરી કરેલ છે.

બાલાશંકરથી આરંભાયેલી ગઝલ પ્રથમ તબક્કામાં વિદ્વાન અને પ્રણયને પોષનાર સર્જકોને હાથે બીજારોપણ પામી. અધ્યાત્મ, જ્ઞાન, બોધ, પ્રણયની વેદના–મસ્તી, લાગણીની પ્રબળતા વગેરે ભાવો પ્રગટ થયા. ગઝલમાં છંદ, કાફિયા વગેરે બાહ્ય સ્વરૂપમાં કયારેક ઉણપ આવી છે. ભાંખોડિયા ભરતી ગઝલ ધીરેધીરે નવયુવાન બનવા લાગી.

## ૩. ગુજરાતી ગઝલનો બીજો તબક્કો :

ગઝલનો બીજો તબક્કો મેઘધનુષ્યના અનેક રંગ લઈ આવે છે. આ તબક્કામાં ગાંધીનું સ્વાતંત્ર્ય આંદોલનનો પ્રભાવ ગુજરાતી સાહિત્ય પર હતો. જેથી ગુજરાતી ભાષા શાસ્ત્ર શુદ્ધ બની. એ દરમ્યાન મુશાયરા પ્રવૃત્તિનો આરંભ થયો. જેથી ગુજરાતી ભાષામાં

ગઝલનું પ્રભુત્વ ધીરે ધીરે વધવા લાગ્યું. ગઝલ સર્જકોની આકરી મથામણથી છંદ, કલ્પન, પ્રતીક, અલંકાર, રદીફ, કાફિયા વગેરેનો સમજણપૂર્વક વિનિયોગ થયો અને ધીમે ધીમે ગઝલને અશ્વવેગ મળ્યો.

**✱ શયદા (ઈ.સ.૧૮૯૨–૧૯૬૨) :**

ગઝલની બીજા તબક્કામાં ગઝલકારને પોષિત કરવા માળી જેવી ભૂમિકા ભજવવાનું કામ શ્રી હરજી લવજી દામાણી 'શયદા'ના ભાગે આવ્યું. ગઝલને શાસ્ત્રશુદ્ધ ગુજરાતી સરળ ચિંતનાત્મક અને લોકભોગ્ય બનાવવા તેમણે અથાગ પ્રયત્ન કર્યાં અને તે સફળ પણ રહ્યા. તેમણે ગઝલમાં કરેલ બોલચાલના પ્રયોગો આજ પણ સૌને સ્પર્શે છે. કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેથી તેમની ગઝલમાં તાજગી વર્તાય છે.

***"જનારી રાત્રી જતાં કહેજે સલુણી એવી સવાર આવે***
***કળી કળીમાં સુવાસ મ્હેકે ફૂલો ફૂલોમાં બહાર આવે."***[10]

છંદ, ભાવ, ભાષા, વિચારોનું નાવિન્ય અને અંદાજે બયાં વગેરેનું સુંદર આયોજન તેમની ગઝલને પ્રથમ હરોળમાં મૂકે છે.

**✱ ગુલામ હુસેન મહંમદ હુસેન 'સગીર' (ઈ.સ.૧૯૦૧) :**

શયદાના સમકાલીન 'સગીર' તેમની પાસેથી 'સગીરની ગઝલો' અને 'ફલક' એમ બે ગઝલસંગ્રહો પ્રાપ્ત થાય છે. એમની ગઝલમાં અનુભવનું ભાથું, વિચારોનો વૈભવ, ગઝલ વિશેની આગવી સૂઝ, માનવ સદ્‌ગુણની મ્હેક વગેરે તેમની ગઝલને સૌંદર્યલક્ષી બનાવે છે.

***"ખીલતું રહેતું નથી જ્યારે ચમન છેવટ સુધી***
***તો પછી કયાંથી રહે હસતું સુમન છેવટ સુધી."***

◈◈◈

***"કેમ આવ્યો કેમ બેઠો કેમ હું ચાલ્યો ગયો,***
***પારખી તેઓ શક્યા ના મારું મન છેવટ સુધી."***[11]

◈◈◈

**✱ સાબીર વટવા (ઈ.સ.૧૯૦૭–૧૯૮૧) :**

ગઝલના અભ્યાસુ જીવ અને છંદશાસ્ત્રના જાણકાર હતા. તેઓ શયદાની માફક ગઝલમાં ગુજરાતીતા પ્રસ્તુત કરવા વિશેષ પ્રયત્નશીલ રહ્યા. તેમની ગઝલમાં ચિંતનપ્રધાન અને હિન્દુ સંસ્કૃતિને રજૂ કરતા શેરો જોવા મળે છે. પ્રણયની વેદના, ભાવનું ઊંડાણ અને ભાષાની નાજુકાઈ તેમની ગઝલમાં વિશેષ પ્રગટતા રહ્યાં છે.

***"ચંદ્ર ઝાંખો થાય છે રોકાઈ જાવ,***
***હમણા વાણું વાય છે રોકાઈ જાવ."***

◈◈◈

***"વાટમારું છે નિરાશા માર્ગમાં,***
***કાફલા લૂંટાય છે, રોકાઈ જાવ."*** [૧૩]

◈◈◈

***"હરદમ ગુલાબ છાબભરી વહેંચતો રહ્યો,***
***માળીથી તાજાં ફૂલનું અંતર ન થઈ શક્યું."*** [૧૪]

◈◈◈

***"સંધ્યા શું સૂરજને પરણી ?***
***કાયા છે કાં કંકુવરણી? "*** [૧૫]

**✱ ઈબ્રાહીમ દાદાભાઈ પટેલ 'બેકાર' :**

કવિશ્રી બેકાર ગઝલની સાથોસાથ હાસ્યપ્રચુર હઝલનું સર્જન પણ કરતા રહ્યાં છે. જેથી મુશાયરામાં તેમની લોકપ્રિયતા રહી છે. ગઝલમાં ધર્મ, શિક્ષણ, રાજકારણ વગેરે વિષયને હાસ્ય, કટાક્ષ, વ્યંગ્યથી પોતાનું ચિંતન અને સમજણ સમાજ સામે મૂકી છે. એ અંગેના થોડાક શેર :

*"થઈ ગયા છે રૂપિયા બોદા હવે,*
*સાંભળો ક્યાંથી પછી રણકારને."*

**✱ મહેમુદ મીયાં 'આસીમ રાંદેરી' :**

'લીલા'ને પોતાનું કાલ્પનિક પાત્ર ગણી તેને ઉદ્દેશીને અનેક ગઝલ અને નઝમો તેમણે લખી છે. તેમણે 'લીલા', 'શણગાર' વગેરે સંગ્રહોમાં ભાવને મહાવરેદાર, સાંકેતિક અને તાજગીપૂર્ણ રીતે પ્રસ્તુત કર્યા છે. 'લીલા' અંગેના કાવ્યો એક જુદી જ મજા અર્પે છે.

*"એક ભ્રમણા છે હકીકતમાં સહારો તો નથી*
*જેને સમજો છો કિનારો એ કિનારો તો નથી."*

◈◈◈

*"લાખ આકર્ષણો મુંબઈમાં મળે હો આસીમ,*
*મારી લીલા મારી તાપીનો કિનારો તો નથી."* [૧૬]

**✱ મગનભાઈ ભુધરભાઈ પટેલ 'પતીલ' :**

પતીલ સમકાલીનથી જુદા તથા અરૂઢ અને પ્રયોગશીલ ગઝલ લખનાર શાયર હતા. તેમણે સંસ્કૃતવૃત્તો તથા ફારસી વૃત્તોનો ઉપયોગ ગઝલમાં કરેલ છે. 'પ્રભાત નર્મદા' અને 'કુલિસયાત' નામે તેમના સંગ્રહો જોવા મળે છે. પ્રણયની વેદના–મસ્તી, જીવનની વિષમતા, આકૃતિની સફાઈ વગેરે તેમને બીજાઓથી અલગ કરે છે.

*"નથી લેવા મને ઈચ્છા સાગરકંદો બુખારા*
*ખરા બે લાગણીના માંગુ છું હું અશ્રુ ખારા."*

દ્વિતીય તબક્કામાં ગઝલ એક સુંદર આકાર લઈ ચૂકેલ જોવા મળે છે. રદીફ, કાફિયા એમ બાહ્ય તેમજ સ્વરૂપની દૃષ્ટિએ ઘણી પાકટ બની ચૂકેલ છે. વિષયનું વૈવિધ્ય, ગુજરાતી ભાષાનું કૌવત, અભિવ્યક્તિની છટા, છંદ અને લયની બારિક સૂઝ વગેરે આ તબક્કામાં સુંદર રીતે વ્યક્ત થયા.

## ૩. ગુજરાતી ગઝલનો ત્રીજો તબક્કો :

ગુજરાતી ગઝલ માટે ત્રીજો તબક્કો શ્રેષ્ઠ નિવડ્યો છે. જે ઈ.સ.૧૯૪૨ની આસપાસ શરૂ થયેલ છે. જેમાં પ્રબળ અને ઉમદા ગઝલકારોએ પોતાનું યોગદાન આપ્યું. જેણે પૂર્ણ રીતે ગુજરાતીતા આપી અને ભાવ ભાષામાં વૈવિધ્ય, પ્રતીક નાવિન્ય અને છંદ વૈવિધ્ય ઈત્યાદીથી ગઝલ સમૃદ્ધ થઈ. આ સમયગાળામાં મુશાયરા ગઝલમંડળો, ગઝલ સામાયિકો તથા પ્રકાશિત થતા ગઝલ સંગ્રહોએ ગુજરાતી કાવ્ય સાહિત્યનાં ધોરી પ્રવાહમાં ગઝલ ભળવા લાગી.

**✱ અબ્બાસવાસી 'મરીઝ' :**

'ગુજરાતીના ગાલીબ'નું બિરૂદ પામનાર 'મરીઝ' એક ઉચ્ચકો ટિના શાયર નિવડ્યા. 'આગમન' અને 'નકશા' એમ બે સંગ્રહો તેમની પાસેથી મળે છે. આત્મકથનાત્મક ભાવ, પ્રણય સંવેદન, મયપરસ્તી, ધર્મ વગેરે વિષયો તેમજ ભાવોને પોતાની આગવી રચના રીતિથી રજૂ કર્યા. તેઓના શેર કશુંક અધ્યાહાર રાખી ઘણું કહી જાય છે. 'મરીઝ' સરળ અને ગહન ગઝલકાર છે. પોતાના આગવા અંદાજેબયાંથી વ્યંગ્ય અને વક્રતા વડે ગઝલને એક રમણીયરૂપ આપ્યું છે.

***"કોઈ ન આવી શકે ન જઈ શકે છે 'મરીઝ'***
***મકાન આખું સલામત છે, દ્વાર સળગે છે."*** [૧૭]

◈◈◈

***"મોત વેળાની આ ઐયાસી નથી ગમતી 'મરીઝ'***
***હું પથારી પર રહુંને આખું ઘર જાગ્યા કરે."*** [૧૮]

◈◈◈

***"ખુદને ખરાબ કહેવાની હિંમત નથી રહી***
***તેથી બધા કહે છે જમાનો ખરાબ છે."*** [૧૯]

### ❋ અમૃત 'ઘાયલ' :

ગુજરાતી ગઝલક્ષેત્રે ખુમારીથી છલોછલ અને પ્રણયની આગવી મસ્તીનો દોર એટલે અમૃત ઘાયલ. સૌરાષ્ટ્રની તળપદી ભાષા અને વાણીનું જોમ તેમને ગઝલમાં અનોખો રંગ અર્પે છે. ઈયત્તા અને ગુણવત્તા બંને રીતે 'ઘાયલ' ગુજરાતી ગઝલમાં મોટું અને મહત્ત્વનું પ્રદાન છે. તેમણે 'શૂળ અને શમણા', 'રંગ', 'રૂપ', 'ઝાંય', 'ગઝલનામ સુખ', 'પશ્ચાત', 'આશ્ચર્ય વચ્ચે', 'અગ્નિ' એમ અનેક ગઝલસંગ્રહો આપ્યા છે. જે તમામ સંગ્રહોને સમગ્રલક્ષી 'આઠો જામ ખુમારી'માં સંગ્રહિત કરવામાં આવ્યા છે. તેમની ગઝલમાં પ્રણયની મસ્તી, અધ્યાત્મનો રંગ, ખુમારીનું તેજ, સમાજની વરવી વાસ્તવિકતા વગેરે જોવા મળે છે. પરંપરાના દોરમાં મયપરસ્તીનું આગવું સ્થાન જોવા મળે છે. મય, સુરા, સાકી વગેરે પ્રતીક દ્વારા તેમણે જીવનનાં નગ્ન સત્યો અને ધર્મની દાંભીકતા વગેરે રજૂ કર્યાં છે.

*"તને પીતા નથી આવડતું મૂર્ખ મન મારા*
*પદાર્થ એવો કયો છે કે જે શરાબ નથી."*

### ❋ શૂન્ય પાલનપુરી :

ગુજરાતી ગઝલમાં શૂન્ય પાલનપુરી એક સન્માનીય નામ છે. તેઓ અરુઢ અને ગઝલ સ્વરૂપના એક તલસ્પર્શી અભ્યાસી હતા. ગઝલમાં ભાવ, ભાષા અને વિચારોનું સૌંદર્ય, ઉત્કૃષ્ટપણે તેમની ગઝલમાં પ્રસ્તુત થયું. અધ્યાત્મનું ઊંડાણ અને વેદાંત, સૂફીઈઝમને તેમણે ગઝલમાં સારી રીતે પ્રગટ કર્યાં છે.

*"છું 'શુન્ય' એ ન ભૂલ ઓ અસ્તિત્વના પ્રભું*
*તું તો હશે કે કેમ પણ હું તો જરૂર છું."*[૨૦]

### ❋ બરકત વિરાણી 'બેફામ' :

ગુજરાતી ગઝલક્ષેત્રે બરકત વિરાણી 'બેફામ' નામ અદબથી લેવાય છે. તેમણે 'માનસર', 'ઘટા', 'પ્યાસ', 'પરબ' વગેરે જેવા ગઝલસંગ્રહો આપ્યા છે. તેમની ગઝલનો

વિષય માનવપ્રેમ છે. વેધક અને સરળ શૈલી તેમની ઓળખ છે. રસસભર પ્રણયોર્મિ, વળોટ આપતી વ્યથા, ખુમારીનું આગવું પોત, નાટકીય છટાપૂર્ણ રજૂઆત શબ્દ ચતુરાઈ વગેરે બાબતો તેમને પ્રથમ હરોળનાં ગઝલકાર બતાવે છે.

*'બેફામ' તોયે કેટલું થાકી જવું પડ્યું ?*
*નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી."*[૨૦]

**✱ ગની દહીંવાલા :**

પરંપરા અને આધુનિકતા એમ બંને તરફ પોતાની દૃષ્ટિ રાખનાર કવિ એટલે ગની દહીંવાલા. તેઓની સાડાચાર દાયકાની ગઝલસર્જન યાત્રામાં તેમણે 'ગાતાં ઝરણાં', 'મહક', 'મધુરપ', 'નિરાંત' અને મરણોત્તર પ્રકાશન 'ફાંસ ફૂલોની' એમ ગઝલસંગ્રહો આપ્યા છે. પ્રણયની સંયમિત મસ્તી, જીવન જગતને સમજવા ચિંતનસભર દૃષ્ટિભાવ ભાષાનું બળ, નવા નવા છંદોનું વૈવિધ્ય, આગવું આકાર સૌષ્ઠવ આ સર્વથી તેમની ગઝલ સમૃદ્ધ બને છે. જીવનચિંતન રજૂ કરતો એક વેધક શેર જોઈએ.

*"દીપકને કોઈ ઠારે કે રોશન કરે 'ગની'*
*હું લાગણી તે યશ, ન તિમિર છું ન તેજ છું."*[૨૧]

**✱ સૈફ પાલનપુરી :**

સૈફ પાલનપુરી ગુજરાતી ગઝલમાં મુઠ્ઠી ઊંચેરું નામ છે. તેમને નઝમ પ્રત્યે વિશેષ લગાવ રહ્યો છે. 'ઝરૂખો' અને 'હિંચકો' એમ બે સંગ્રહો આપ્યા છે. સાંપ્રત જીવનની વિડંબનાઓ અને સામાજિક સમસ્યાઓનું નિરૂપણ તેમણે પોતાની ગઝલ અને નઝમમાં રજૂ કરેલ છે. પ્રેમ, પ્રકૃતિ, સુરા વગેરે વિષયોને પોતાની આગવી શૈલીથી પ્રસ્તુત કર્યાં છે. પ્રેમની કોમળ અને કમનીય બાની પ્રસ્તુત કરતો એક શેર.

*"ખુશ્બુમાં ખીલેલા ફૂલ હતાં ઊર્મિમાં ડૂબેલા જામ હતા,*
*શું અશ્રુનો ભૂતકાળ હતો, શું આસુંના પણ નામ હતા."*

**✱ અમીન આઝાદ :**

ગુજરાતી ગઝલનાં ઈન્દ્રધનુષ રંગોમાના એક રંગ. જેણે ગુજરાતી ગઝલને લોકપ્રિયતા વધારવા ગામડાઓ સુધી મુશાયરા પ્રવૃત્તિ ચલાવી 'સબરસ' અને મરણોત્તર સંગ્રહ 'રાત ચાલી ગઈ' તેમના ગઝલસંગ્રહો છે. અધ્યાત્મભાવની વેધકતા, પ્રણયની ઉત્કટતા, છંદ અલંકારનું વૈવિધ્ય તેમની ગઝલનું આગવું સોપાન છે.

**✱ હરીન્દ્ર દવે :**

પ્રેમની કવિતાથી સભર હરીન્દ્ર દવે એ ગઝલમાં આગવો મુકામ હાંસલ કરેલ છે. 'આસવ', 'મૌન', 'સમય' વગેરે એમના કતૃત્વની ઝાંખી થાય છે. પ્રેમની વિવિધ ભાવદશાને તેમણે ગીતની માફક ગઝલમાં પણ સુંદર રીતે પ્રગટ કર્યાં છે.

**✱ રતિલાલ 'અનિલ' :**

ગઝલ પ્રત્યે વિશેષ પ્રીતિ રાખનાર સર્જક પાસેથી 'ડમરો અને તુલસી' ગઝલસંગ્રહ આપેલ છે. ગઝલ વિવેચન કાર્ય અને ગઝલને સાહિત્ય દરજ્જો મળે તે માટેની તેમની મથામણો યાદગાર છે. તે જ રીતે તેમની ગઝલમાં અધ્યાત્મ, પ્રેમ, જીવન અને ચિંતન અલંકાર કૌશલ્ય, છંદ વૈવિધ્ય વગેરેથી તેમની ગઝલ શોભાયમાન બની છે.

**✱ જમિયત પંડ્યા :**

શ્રી જમિયત પંડ્યા પાસેથી આપણને 'ઉરગંગા', 'વરદાન', 'ઝાળ અને ઝાકળ' જેવા ગઝલસંગ્રહો મળે છે. ઉપરાંત ગઝલનું છંદશાસ્ત્ર નામે પુસ્તક પણ ઉપલબ્ધ છે. સરળ ભાષા, ભાવનું નિરૂપણ, લયલહકાઓ અને આગવો મિજાજ તેમની ગઝલની વિશેષ લાક્ષણિકતાઓ છે.

**✱ મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ' :**

ભજન અને ગઝલનાં આગવા રંગથી ઉદય પામતી સર્જનયાત્રા મનુભાઈમાં જોવા મળે છે. 'સરોદ'થી ભજન અને 'ગાફિલ'થી ગઝલ લખી છે. 'બંદગી'માં તેમની ગઝલોમાં ઉદાંત વિચારોનો પરિચય મળે છે.

### ✱ શેખાદમ આબુવાલા :

પ્રણય રસભર ઊર્મિનો ઉત્કટ રંગ લઈને આવનાર સર્જકનું પૂરું નામ શેખાદમ મુલ્લા શુભઉદીન આબુવાલા છે. ‘ચાંદની’, ‘અજંપો’, ‘સોનેરી લટ’, ‘તાજમહાલ’, ‘ હવાની હવેલી’, ‘સનમ’ તથા ‘દિવાને આદમ’ નામે મરણોત્તર સમગ્ર ગઝલોનું સંકલન કરેલ છે. તેમની ગઝલ કયારેક યુરોપિયન વાતાવરણને સ્પર્શે છે તો કયારેક સૂફીવાદની ઝાંખી કરાવે છે.

બીજા તબક્કાની ગઝલને મેઘધનુષ્યના રંગની જેમ અનેક બહેતરીન શાયરો મળ્યા જેણે અનેક ઉજાગરા અને આકરા પરિશ્રમથી ગઝલની ઉપાસના કરી અને તે પછી કામયાબ પણ નિવડ્યા. ગઝલ ઉર્દૂ ફારસીથી અલગ કરી સંપૂર્ણપણે ગુજરાતી બતાવી પણ તેને આત્મા ફારસી રહ્યો. એવું કયારેક પ્રતીત થાય છે. આ સમયે અનેક ગઝલકારો પોતાની પૂરી નિષ્ઠાથી ગઝલકર્મ કરતા રહ્યા છે જે આ તકે તરત સ્મરણ થઈ આવે. જેમા કિસ્મત કુરેશી, ‘રુસ્વા’, મજલુમી, ‘નાઝિર’ દેખૈયા, ‘જીગર’, ‘જટિલ’ વ્યાસ, ‘દિલહર’ સંઘવી, ‘અમિન’, ‘અમીન’ આઝાદ, ‘સાકિન’ કેશવાણી, મહેન્દ્ર ‘સમીર’, મનોહર ચોકસી, મુકબિલ કુરેશી, ‘જલન’ માતરી, કુતૂબ આઝાદ, ‘અમર’ પાલનપુરી, ‘ઉશનસ્’, જયંત પાઠક, સુરેશ દલાલ, હેમંત દેસાઈ, મકરન્દ દવે, વેણીભાઈ પુરોહિત વગેરે જેવા સર્જકોનું સુંદર અને આગવું પ્રદાન ગઝલક્ષેત્રમાં છે.

## ૫. ગુજરાતી આધુનિક ગઝલ :

ગુજરાતી ભાષામાં સુરેશ જોષીના આગમનથી આધુનિકતાનો શંખ ફૂંકાયો. જેથી અસ્તિત્વવાદી વિચારસરણી વિચ્છિન્નતા, વિરતિ, મૂલ્યહાસ, રૂઢિભંજકતા, નિર્ભ્રાંતિ, વ્યક્તિતા આદિ ભાવોની ચર્ચા થવા લાગી. જેથી ગુજરાતી કાવ્યના વિવિધ સ્વરૂપોની જેમ ગઝલ પણ તેનાથી દૂર રહી ન શકી. રમેશ ત્રિવેદી બદલાતા સાહિત્યિક મૂલ્યોને પોતે આમ રજૂ કરે છે. ‘આધુનિકતાનું મહત્ત્વનું કાર્ય જૂનાને ઉખાડી નાખીને નવાનું પ્રસ્થાન કરવાનું છે. આધુનિક સાહિત્ય મૂલ્યનિરપેક્ષ સાહિત્યની હિમાયત કરે છે. સર્વત્ર

મૂલ્યહાસ છવાઈ ગયો છે. તેનું પ્રતિબિંબ સાહિત્યમાં પણ ઝિલાય છે. સમાજવિમુખતા, વિશાદ, વિરતિ, અશ્રદ્ધા, નાસ્તિકતા જેવા અંશોનું નિરૂપણ પણ ગઝલમાં પ્રવેશવા લાગ્યું.'' આમ આધુનિકતાના આ નવા પ્રદેશમાં વિહાર કરતા સર્જકોમાં રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, રમેશ પારેખ, અનિલ જોશી, 'આદિલ' મન્સુરી, ચિનુ મોદી, રાજેન્દ્ર શુકલ, મનહર મોદી, શ્યામ સાધુ, માધવ રામાનુજ, મનોજ ખંડેરિયા, હરિકૃષ્ણ પાઠક, વિનોદ જોશી વગેરે જેવા અનેક સર્જકોનો સમાવેશ થાય છે. જેમાના થોડાક ગઝલકારોની આછેરી ઝલક જોઈને જેમણે ગઝલસ્વરૂપમાં પોતાની આગવી છાપ છોડી છે.

**✱ 'આદિલ' મન્સૂરી :**

આધુનિક ગઝલનો પ્રથમ અવાજ એટલે આદિલ મન્સૂરી. જેમણે 'વળાંક', 'પગરવ', 'સતત', 'ન્યૂયોર્ક નામે ગામ' વગેરે ગઝલસંગ્રહો આપ્યા છે. અભિવ્યક્તિની તાજપ, ભાષાનું માધુર્ય, પ્રતીક–કલ્પનનું નાવિન્ય, વિષયનું વૈવિધ્ય આદિ તેમની ગઝલની લાક્ષણિકતાઓ છે.

**✱ ચિનુ મોદી 'ઈર્શાદ' :**

ગુજરાતી ગઝલમાં ગુણવત્તા અને ઈયતાની દષ્ટિએ નવીન ગઝલમાં ઘણું મહત્ત્વનું પ્રદાન ચિનુ મોદીનું છે. તેમણે 'ક્ષણોના મહેલમાં?', 'ઈર્શાદગઢ', 'અફવા', 'ઈનાયત', 'નકશાના સમુદ્રો' વગેરે ગઝલસંગ્રહો આપ્યા છે. તેમની ગઝલમાં સુકુમારતા, સૂક્ષ્મતા, પ્રૌઢી, પ્રશિષ્ટતા, અભિવ્યક્તિનું નાવિન્ય કલ્પનોની તાજપ અને ગઝલની પ્રયોગશીલતા જોવા મળે છે.

**✱ મનોજ ખંડેરિયા :**

ગુજરાતી ગઝલમાં નૂતનભાવ અને પ્રૌઢ અભિવ્યક્તિથી પરિપૂર્ણ ગઝલ શ્રી મનોજ ખંડેરિયાની આગવી ઓળખ છે. તેમની પાસેથી 'અચાનક', 'અટકળ', 'હસ્તપ્રસ્ત' જેવા ગઝલસંગ્રહો મળે છે. તેમની ગઝલમાં નૂતનશબ્દ વિધાન, નવા નવા

પ્રતીકો અને કલ્પનોની માંડણી, કોમળ પ્રયોગો વગેરે એક સર્જક તરીકે આગવું સ્થાન આપે છે.

**✱ રાજેન્દ્ર શુકલ :**

ગુજરાતી ગઝલમાં અધ્યાત્મભાવ અને વિશિષ્ટ ભાષાશૈલી તેમની આગવી ઓળખ છે. 'કોમલરિષભ', 'અક્ષરગાંધાર' અને 'ગઝલસંહિતા' ભાગ–૧ થી ૫' આ તેમના કાવ્ય તથા ગઝલસંગ્રહો છે. તેમને મુસલસલ ગઝલ એ આગવું પ્રદાન છે. ભારતીય દર્શનશાસ્ત્રની આગવી મહેક તેના સર્જનમાં અવારનવાર પ્રગટ થાય છે.

**✱ રમેશ પારેખ :**

ગીત ગઝલ અને અછાન્દસ એમ સમાંતર સર્જન કરતા કવિ એટલે રમેશ પારેખ. તેમણે 'કયાં', 'ખડીંગ', 'ત્વ', 'સનનન' વગેરે જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે. 'છ અક્ષરનું નામ' એ તેમનો સમગ્રલક્ષી કાવ્યસંગ્રહ છે. ઘેરી રંગદર્શિતા, સણસણતી વ્યંગ્યાત્મકતા, અવનવી અને અરૂઢ શૈલી, સાંપ્રત જીવનનું આક્રોશપણું વિશિષ્ટ ભાષાકર્મ ઈત્યાદી તેમની ગઝલોની લાક્ષણિકતાઓ છે.

**✱ શ્યામ સાધુ :**

તેમની પાસેથી 'યાયાવરી', થોડા ઈન્દ્ર', 'સાંજ ઢળી ગઈ', 'આત્મકથાના પાના' વગેરે તેમના ગઝલસંગ્રહો છે. 'ઘર સામે સરોવર' એ તેમની સંપાદિત સમગ્ર ગઝલ અને કવિતાઓનો સંગ્રહ છે. કોમળ અભિવ્યક્તિ, કથન, સચોટતા, ભાષાની તાજગી, રચનાબંધની પ્રવાહિતા વગેરે તેમની આગવી લાક્ષણિકતાઓ છે.

**✱ ભગવતીકુમાર શર્મા :**

ગદ્ય અને પદ્ય એમ બન્ને ક્ષેત્રમાં એમની આગવી ઓળખ છે. અને તેઓ એક સિદ્ધહસ્ત ગઝલકાર છે. 'સંભવ','છંદો છે પાંદડા જેમા', 'નખદર્પણ', 'ઝળહળ' વગેરે તેમના કાવ્યસંગ્રહોમાં તેમની ગઝલો છે. ભાષાની કોમળતા, અભિવ્યક્તિની તાજપ, ભાષામાં અંગ્રેજી શબ્દોના પ્રયોગો વગેરે તેમની ગઝલોમાં જોવા મળે છે.

**✱ મનહર મોદી :**

આધુનિક ગઝલમાં મનહર મોદી એક વિશિષ્ટ ગઝલકાર છે. 'આકૃતિ', '૧૧ દરિયા' વગેરે જેવા સાતેક કાવ્યસંગ્રહો છે. ગઝલમાં એબસર્ડની પરિભાષા પ્રસ્તુત કરવાના પ્રયત્નો તેમને નામે છે. સાંકેતિક પદ્યરચના, અરૂઢ પદાવલી, ભાષાકર્મના પ્રયોગો વગેરે તેમની ગઝલની એક આગવી ઓળખ છે.

**✱ હેમંત શાહ :**

પરંપરા અને આધુનિકતા વચ્ચે સતત હાથ મિલાવતા આ કવિની એક આગવી મુદ્રા છે. તેમણે 'ક,ખ,કે ગ....' અને 'લાખ ટુકડા કાચના' અને સમગ્ર ગઝલસંગ્રહ 'તો દોસ્ત હવે સંભળાવ ગઝલ'માં તેમની ગઝલો સંગ્રહિત થયેલી છે. ગઝલ સ્વરૂપનું તળ પામી નાવીન્યસભર ઉપમા રૂપક આદીનું નિયોજન, નવ્યભાષા વગેરે તેમની ગઝલની એક અલગ ઓળખ ઊભા કરે છે.

પરંપરિત ગઝલમાં ઉર્દૂ ફારસી રંગ ઓગળીને ગઝલ આધુનિકતાના વમળમાં પ્રવેશ પામી. જેમા વિશિષ્ટ અભિવ્યક્તિ, પ્રતીક–કલ્પનનું નાવીન્ય, ભાષાશૈલીનું વૈવિધ્ય, નગર સંસ્કૃતિનું નિરૂપણ, ભાવનું ઊંડાણ, આદિ આ આધુનિક પ્રવાહની ગઝલમાં સવિશેષ જોવા મળે છે. ઉપરાંત ભાષા પ્રયુક્તિના બોલીના, કયારેક છંદના, કયારે વિદ્વાનની ભાષા, કયારેક ગણિત–ભૂમિતિની સંજ્ઞાઓના પ્રયોગો કરીને ગઝલ સ્વરૂપમાં અવનવી રચનારીતિ અને તે દ્વારા સૌંદર્ય પ્રગટાવવાના પ્રયોગો થતા રહ્યા છે.

## ૬. અનુ–આધુનિક યુગ :

આધુનિકતાનાં વમળ ધીરે ધીરે સમ્યાં. ત્યારે એક નવી વિચારધારા ધીરેધીરે ગઝલ અને સમગ્ર ગુજરાતી સાહિત્યમાં પ્રગટ થવા લાગી. ગઝલક્ષેત્રમાં જાણે એક સાથે ત્રણેય કાળ સાથે ચાલતા હોય એવી આબોહવા ઈ.સ.૧૯૮૦ પછી અનુ–આધુનિક તરીકે વિભાવના પ્રગટ થવા લાગી. મૂળ તરફ પાછા જવાની વાત એટલે દેશીવાદ, નારી સંવેદના, દલિત સંવેદના, ડાયોસ્પોરા, સંત–મધ્યકાલીન સાહિત્યનું અધ્યાત્મ, વિશિષ્ટ

પ્રતીક–કલ્પન, જેવા અનેક પરીબળો અનુઆધુનિક તરીકે પ્રગટ થવા લાગ્યા. જેમા પ્રમુખ અવાજ તરીકે હરીશ મીનાશ્રુ, જયેન્દ્ર શેખડીવાળા, નીતિન વડગામા, હરેશ 'તથાગત', અશોકપુરી ગોસ્વામી, સંજુવાળા, રશીદ મીર, ભરત વિંઝુડા, નયન હ. દેસાઈ, ખલિલ ધનતેજવી, મુકુલ ચોકસી, સોલીડ મહેતા, હર્ષદેવ માધવ, રાજેશ વ્યાસ, દિનેશ ડોંગરે, વિજય રાજયગુરુ, ડૉ. દિલીપ મોદી, ગુણવંત ઉપાધ્યાય, સાહિલ, અરૂણ દેશાણી, કરશનદાસ લુહાર, એસ.એસ.રાહી, લલિત ત્રિવેદી, મનીષ પરમાર, સુરેન્દ્ર કડિયા, સુરેશચંદ્ર પંડિત, પ્રવીણકુમાર રાઠોડ, કિશોર મોદી, દિલીપ રાવલ, ઉદયન ઠક્કર, અશરફ ડબાવાલા, અરવિંદ ભટ્ટ, દિલીપ જોશી, મહેન્દ્ર જોશી, હનીફ 'સાહીલ', રઈશ મણીઆર, હેમંત ઘેરડા, મનોહર ત્રિવેદી, શિલ્પિન થાનકી, 'ધુની માંડલિયા જેવી અનેક સર્જકોએ પોતાની ગઝલ દ્વારા અનેક આયામો સર કર્યા. નવા ભાવ કલ્પનો, નવી ભાષા, રચનારીતિના પ્રયોગો, તળપદ પદાવલી, ભૌમિતિક પદાવલી, દુહા–છપ્પામાં પ્રયોજાતી ગઝલ, લાંબી ટૂંકી લહરમાં નિરૂપણ, અંગ્રેજી ગુજલિશ ગઝલો, હાઈકુ–તાન્કા, સોનેટ ગઝલો, થિમેટિક ગઝલો, અધ્યાત્મવાદ પૂર્ણ અરૂઢ અને અસ્પષ્ટ પદાવલીપૂર્ણ ગઝલો આ તકે રચાય અને હજુ આ જ સર્જકો દ્વારા સાંપ્રત સમયમાં લખાય રહી છે.

# ❖ પાદટીપ ❖


૧. જૈન સાહિત્યની ગઝલો, પૃ.૬૯

૨. ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો, પૃ.૬૩૪

૩. ગુજરાતી ગઝલો, પૃ.૫

૪. એજન, પૃ.૫

૫. એજન, પૃ.૩૧

૬. અમર ગઝલો, પૃ.૧૦

૭. એજન, પૃ.૬

૮. એજન, પૃ.૮

૯. એજન, પૃ.૩

૧૦. એજન, પૃ.૧૧૯

૧૧. એજન, પૃ.૧૩૪

૧૨. એજન, પૃ.૧૩૯

૧૩. એજન, પૃ.૧૪૦

૧૪. એજન, પૃ.૧૪૧

૧૫. એજન, પૃ.૩૬

૧૬. નકશા, પૃ.૯૫

૧૭. આગમન, પૃ.૯૧

૧૮. એજન, પૃ.૧૪૮

૧૯. શૂન્ય પાલનપુરી, 'શૂન્યનું સર્જન', પૃ.૬૦

૨૦. માનસર, પૃ.૮૦

૨૧. મહેક, પૃ.૪૦